Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૦૪ · તા. ૨૪ થી ૩૦ જાન્યુઆરી - ૧૫ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Postal Reg. No. MCE / 53 / 2015 - 2017

## હજારો જ્ઞાતિજનોએ ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘનો જલસા કાર્યક્રમ જલસાથી માણ્યો



ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

RuPay Debit Card

!! FREE ARIHANT RUPAY DEBIT ATM CARD !! *

ENJOY OUR

DEBIT CARD SERVICES

ANYWHERE IN INDIA









### Key Features of Arihant RuPay Debit Card

- It can be used only with PIN hence more secured.
- No scope for misuse of card if lost/stolen.
- Rupay Logo Card is accepted at nearly 6 lacs POS terminals for upto Rs. 1,00,000/- per day across India .
- Withdraw cash upto Rs. 30,000 per day from 1.5 lacs ATMs anywhere in India.
- Get Mini Statement .*
- View Account Balance.*
- SMS alert is received on mobile for every transaction.
- Free Insurance Cover of Rs.1 lacs for Personal Accidental Death & Permanent Disability.*

** Conditions Apply.*

***For More Information Call Us on +91-9619622014 or Visit our nearest branch.***

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા કચ્છમાં સમાજનાં ૮૦ પરિવારોને અનાજ વિતરણ કરાયું



શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા દાતાશ્રી સંઘમાતા ભારતીબેન ભાગચંદ ધરમશી પરિવારના સહયોગથી ગ્રુપ અધ્યક્ષ શ્રી જયેશ જૈનના માર્ગદર્શન હેઠળ કચ્છનાં આપણાં સમાજનાં ૮૦ જરૂરતમંદ પરિવારોને અનાજ વિતરણ કરાયું હતું.

અબડાસા - મુન્દ્રા - માંડવી - ગાંધીધામ વિસ્તારોમાં આવા પરિવારોનાં ઘર સુધી હાથો હાથ અનાજ પહોંચાડવામાં આવેલ. જેમાં રસોડાની અને રોજિંદા વપરાશની વસ્તુઓ તથા કપડા પણ આપવામાં આવેલ.

અનુસંધાન સમાચાર વિભાગમાં





## ધન્ય તમારું નેતૃત્વ, અચલગચ્છનું જાળવ્યું ધર્મ તત્વ



જશાપર ગામના મોભી જમાઈ અને શ્રી અખિલ ભારત વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના ક.દ.ઓ. પ્રમુખ શ્રી શામજી નરશી દંડની હિમ્મતભર્યો ઠરાવ પસાર કરાવી, ગચ્છની એકતા અને અસ્મિતા પુન:સ્થાપિત કરવા બદલ અનુમોદના! સત્યથી પલાયન કે પીછેહઠ કરવાના બદલે વાસ્તવિક સત્યને વધાવી લેવા એવી આંતરિક તાકાત, સુઝબુઝ અને સમયને સમર્પિત સત્ય માટે રણશુરા યોધ્ધા શ્રી શામજી નરશી દંડ (સાંધવ), પ.પૂ.મૂનિશ્રી રાજરત્નસાગરજી અને પ.પૂ.મુનિશ્રી પ્રિયંકરસાગરજીને ગચ્છમાં પાછા લાવવાનો સફળ પ્રયત્ન કરેલ છે આવા સંસ્કૃત સૂચને શ્રી શામજીભાઈ આપનો માન મર્તબો અને મોભો લહેરથી સવાયો સર્જાય એવી આદેશ્વરદાદાના ચરણે અરજ.

**શુભેચ્છાનો સ્વસ્તિક ચીતરતા**

**શ્રી ક.દ.ઓ.જૈન જશાપર મહાજન તથા ટ્રસ્ટીગણ**

**શ્રી મોતીચંદ ભવાનજી ધરમશી (ચેમ્બુર)**

**શ્રી કલ્પેશ માણેકજી છેડા (જલગાવ) શ્રી સોમચંદ કુંવરજી મોતા (ડોંબિવલી)**

**શ્રી ગૌતમ ગીરીશ ધરમશી (મુલુંડ) શ્રી હિરેન લખમશી ધરમશી (મુલુંડ)**

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 04/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.
સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ** : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# વ્યાજના દર ઘટાડો તેમજ તેની આપણા ધાર્મિક - સામાજિક જીવન પર અસર

તાજેતરમાં ભારતમાં વ્યાજ દરમાં મામૂલી ઘટાડાની જાહેરાત થઈ છે. આમ જોઈએ તો આ વાત અત્યારના તબક્કે કંઈ મોટો પ્રભાવ નહી પાડે, પણ નિષ્ણાતો તેને ભારતમાં વ્યાજદર આંતરરાષ્ટ્રીય વ્યાજદર (જે વધુમાં વધુ ૪ થી ૫ ટકા જેટલા છે) તે સ્તર પર આવવાની પ્રક્રિયાની શરૂઆત માને છે. એ વાત સાચી નીકળે તો બધા ગુજરાતી - કચ્છી - જૈન સમુદાયોની જેમ કચ્છી દશા ઓસવાલ જૈન સમુદાયના ધાર્મિક - સામાજિક જીવન પર મોટો પ્રભાવ પાડે તેમ છે.

જો કે નિષ્ણાતો એમ માને છે કે આ પ્રક્રિયા પાંચેક વર્ષમાં પૂર્ણ થઈ જશે અને પાછા વ્યાજના દર સ્થિર થઈ જશે. ત્યા સુધી દર ત્રણ - છ મહિને ઘટાડાનું વલણ રહેશે. નિષ્ણાતો એમ પણ માને છે કે બેંકીંગ ક્ષેત્રની આર્થિક તંદુરસ્તી માટે પણ આ જરૂરી છે. તેના સિવાય બેંકીગ ક્ષેત્રનું જોખમ સતત વધતું રહેવાનું છે, કેમકે આજે એવી સ્થિતિ છે કે બેંકો જેમને ધીરાણ આપવા યોગ્ય માને છે એ લોકોને ભારતમાંના વ્યાજના દર ખૂબ ઊંચા લાગે છે. એટલે જેમણે વિશ્વ સ્તરે નામ કમાવ્યું છે તેઓ તો હમણાં ઘણા વર્ષથી આંતરરાષ્ટ્રીય બજારમાંથી સસ્તા દરે લોન લેતા થઈ ચૂકયા છે. ભારતમાં જે લોકો બેંક પાસેથી અત્યારના છે તે ઊંચા દરે લોન લેવા તૈયાર છે તેઓ બેંક ધીરણ કરે એ દૃષ્ટિએ પૂરતી સધ્ધરતા ધરાવતા નથી.

વ્યાજના દર ઘટાડવાનું દબાણ શરૂ થયાને આજે બેદાયકા વીતી ગયા છે તોય વ્યાજના દર બહુ ઘટયા નથી તેનું મુખ્ય કારણ એ છે કે રાજકીય કારણોસર સરકાર તથા તેના ઈશારે ચાલતી રીઝર્વ બેંકે સામાન્ય માનવી - નિવૃત્ત માનવીનો ખ્યાલ રાખીને જ્યાં સુધી મોંઘવારી ન ઘટે ત્યાં સુધી વ્યાજના દર ન ઘટાડવાનું વચન આપેલું છે. પણ હવે પેટ્રોલના ભાવ ઘટવાથી અને કદાચ ચોમાસું પણ સારું જવાથી મોંઘવારી ઘટવાની શરૂઆત થશે અને પછી વધુ વ્યાજ રાખવા કે માંગવા માટે કોઈ વજૂદવાળું કારણ નહીં રહે એટલે આ બાબત આવનારા સમયમાં બહુ ગંભીર બાબત બનશે.

જ્યાં સુધી કચ્છી દશા ઓસવાલ સમાજનો સવાલ છે સૌથી વધુ અસર અનંતનાથજી ટ્રસ્ટ કે જેની પાસે દેરાસરજી ખાતા તથા સાધારણ ખાતાની ઘણી બધી ફિક્સ ડીપોઝીટો છે તેની પર પડશે.

વર્તમાન ટ્રસ્ટબોર્ડ અનંતછાયાના વેચાણથી આવેલી રકમ, વેચાણનો વિરોધ કરનારના એ રકમ રેહઠાણ યોજના માટે જ વપરાવવી જોઈએ એવા આગ્રહને કાનુની કાર્યવાહી દરમ્યાન ભલેન સ્વીકાર્યો પરંતુ તે પછી ટ્રસ્ટબોર્ડ ડોંબીવલીની હોપ ૧૦૦૦ની યોજનામાં ઉક્ત વેચાણની રકમના વ્યાજમાંથી ચૌદેક કરોડની ફાળવણી કરી હતી. એને બંને વચ્ચે સમજુતી - કરારમાં ન પરિણમી તેનાં જે પણ કારણે હોય તેને અત્યારે પ્રસ્તુત ન ગણીએ.

એટલે હવે એપ્રિલ પછી ટ્રસ્ટનો અખત્યાર સંભાળનાર નવા ટ્રસ્ટીઓએ, આ રીતે વ્યાજદરમાં થતા ક્રમશઃ ઘટાડાને અનુલક્ષીને અનંતછાયાના વેચાણની

રકમના કોર્પસમાંથી જ જ્ઞાતિની રહેઠાણ યોજના માટે અમુક રકમ ઉપયોગ લેવા ચેરીટી કમિશ્નર પાસેથી પરવાનગી મેળવવા અંગે વિચારણા કરશે તો કદાચ, સમગ્રતમાં પરિપેક્ષ્યમાં જ્ઞાતિની રહેઠાણ યોજના બાબતે તેમણે સાવ દુર્લક્ષ સેવ્યું નથી તેવું કહી શકાશે.

વધુમાં વ્યાજના દર ઘટવાથી અત્યારે બેંકોની હાઉસીંગ લોનના સમાન માસિક હપ્તા (ઈકવલ મન્થલી ઈન્સ્ટોલમેન્ટ) જે દર લાખના રૂા. ૯૨૫ ના છે થી ઘટીને રૂા. ૪૨૫ જેવા થઈ શકશે એટલે પણ ટ્રસ્ટ માટે જ્ઞાતિજનોને લોનની વ્યવસ્થા કરાવી આપી ઓનરશીપના ઘર અપાવવાનું સહેલું બનશે.

આવી જ મોટી અસર વીરજી લધાભાઈ બોર્ડીંગ અને શિક્ષણ પ્રસારક સમિતિ વગેરે દ્વારા આશરે રૂા. ૫૦ કરોડ બોર્ડીંગના નવનિર્માણ માટે ટહેલ નાખવામાં આવી છે. તેમાંથી તેના સંચાલકો અમુક રકમ કાયમી ફંડ (કોર્પસ) રૂપે ફાળવી તેના વ્યાજમાંથી નવનિર્મિત વિદ્યાર્થીગૃહના સંકુલના મેઈન્ટનેન્નસ માટે ઉપયોગમાં લેવાની વિચારણા કરી હોય તો તે બાબતે પણ આ ઘટતા જતા વ્યાજદરના દ્રષ્ટિકોણ થી પુનઃવિચારણા કરવી પડે.

અલબત્ત, વ્યાજના દરમાં ઘટાડો થતો હોય તેવા સમયમાં વ્યક્તિઓને નિષ્ણાતો મ્યુચ્યુઅલ ફંડની થોડો ભાગ શેરમાં અને વધુ ભાગ વ્યાજ આપતી સીક્યુરીટીમાં રોકાણ કરવાની સલાહ આપે છે. ટ્રસ્ટો જોકે કાનૂની બંધી હોવાને કારણે આ વાતનો ફાયદો ઉઠાવી શકતા નથી એટલે આવનારા સમયમાં સમુદાયોએ પોતાના ઉદ્દેશ્ય પૂરા કરવા માટે ટ્રસ્ટો સ્થાપવા કે ચલાવવા કરતાં બીન નફાકારક કંપનીઓ સ્થાપવાની નીતિ અપનાવવી જોઈએ એવો આગ્રહ થાય તો નવાઈ નહીં લાગે.

એકંદરે કહીએ તો કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિના સામાજિક - ધાર્મિક જીવન પર પ્રારંભિક રીતે નકારાત્મક અસર પડશે પણ થોડી સમજદારીથી કામ લેવામાં આવશે તો એંકદરે રાષ્ટ્રની જેમ જ્ઞાતિ માટે પણ અચ્છે દિન આવ્યાની સ્થિતિ લાવી શકાશે.

**- ચંદ્રસેન મોમાયા**

## નાગડા પરિવારનું ગૌરવ : અભિનંદન



**કિરણ મેઘજી ગોવિંદજી નાગડા**

**(ગામ - પરજાઉ, હાલ - ભુજ)**

**આપના દ્વારા દેના બેંક, મુંબઈ દ્વારા તા. ૬. ૭. ૨૦૧૪ ના લેવાયેલ અધિકારી વર્ગ - ૧ ની પરીક્ષામાં કચ્છ ઝોનમાં પ્રથમ તથા સમગ્ર ભારતમાં ૧૧ માં ક્રમાંકે ઉતીર્ણ થઈ દેના બેંક,** Zonal, Ofiice, **ભુજમાં** HRM (Human Resources Management Dept) **વિભાગમાં ઓફિસર તરીકે નિમણૂક મેળવા બદલ સમગ્ર પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે તથા ઊતરોત્તર સફળતાના શિખરો સર કરતાં રહો એવી હાર્દિક શુભેચ્છાઓ આપે છે.**

***સતત વિસ્તારી ક્ષિતિજો,***
***હવે આકાશ માપજો***
***શુભેચ્છા એવી અમ અંતરની,***
***સૌની આન - બાન - શાન વધારજો!***

**✤શુભેચ્છુક✤**

**ગં.સ્વ. હિરબાઈ મેઘજી ગોવિંદજી નાગડા**
**અ.સૌ. ચેતના કિરણ નાગડા**
**અ.સૌ. વૈશાલી હરીશ નાગડા**
**અ.સૌ. અનીતા હિતેશ નાગડા**
**અ.સૌ. પુષ્પા ભરતકુમાર મૈશેરી (વાપી)**
**અ.સૌ. કુસુમ સુરેશકુમાર શાહ (ભાવનગર)**
**અ.સૌ. પલ્લવી જયસુખકુમાર મહેતા (ભુજ)**
**• ચિ. હાર્દિક ભરતકુમાર • ચિ. ગૌતમ હરીશ**
**• ચિ. મીત જયસુખકુમાર**
**• ચિ. ધ્રુવિલ એન્ડ ચિ. અભી કિરણ**
**• ચિ. પાર્શ્વ હિતેષ ના**
**ખુબ ખુબ અભિનંદન**

Reg. No. E-641-(DWR) dt. 24-3-90 ☎ : (08372) 236308

# શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગદગ

09448138780 - Sha Lalji Manekji
09341319295 - Sha Harish S. Munvar
09940666465 - Sha Tilakchand Lodaya
09381979792 - Sha Praveen Dagha

## સંચાલિત - ''જીવન-સંધ્યા''

તા. ૧-૮-૨૦૧૪ થી ૩૧-૧૦-૨૦૧૪

09448186222 - Sha Dineshchand Kuverji
09448165256 - Sha Veerendra Padamshi
09611133124 - Sha Chandrakant Patel
09342730997 - Sha Hirachand Dand

### નવી વીંગમાં એક રૂમના દાતા - ૧,૫૧,૦૦૦/-

- **શ્રી ઉમરશી શામજી મેપાણી , પરજાઉ (વડાલા)**

### નિભાવ ફંડના સહાયક દાતા - ૧,૦૦,૦૦૦/-

- **ડૉ મીરા દેવચંદ શામજી ધરમશી, સુથરી (મુંબઈ)**

### એક રૂમના ફર્નીચર દાતા - ૨૫,૦૦૦/-

- શ્રી નરેન્દ્ર વેલજી શાહ, સાંધાણ (ગાંધીનગર)

### નિભાવ ફંડ

- ૫૦૪૦૦/- શ્રી કિરણભાઈ ચાંપશી પાલાણી કોઠારા (મુંબઈ)
- ૨૦૦૦૦/- શ્રી કિશોર લાલજી નાગડા, રંગપુર (કાંજુરમાર્ગ)
- ૧૦૮૦૦/- ડી.જે. એસોસીએટસ, પત્રી (હુબલી) હ. વિરેન્દ્રભાઈ
- ૧૦૮૦૦/- શ્રીમતી ઈન્દુબેન વાલજી લોડાયા જખૌ (નાંદેડ)
- ૧૦૮૦૦/- શ્રીમતી ધનલક્ષ્મી ચીમનલાલ ધરમશી, કોઠારા (નાંદેડ)
- ૧૦૮૦૦/- શ્રીમતી મીરાબેન પ્રતાપ ધરમશી, હસ્તે - શ્રી અનિમેષ પ્રતાપ ધરમશી, કોઠારા (મુંલુડ)
- ૨૫૦૦/- શ્રી વીરચંદ અરજણ દેસર મોતા, વાંકુ (મુંબઈ)
- ૧૦૦૦/- શ્રી હીરાચંદ માણેકજી નાગડા, જખૌ (સાંગલી)
- ૧૦૦૦/- શ્રીમતી શીલા ચેતન પાસડ, શેરડી (સાંગલી)
- ૧૦૦૦/- શ્રી પંકજભાઈ વિરચંદ દંડ, બાયઠ (ઘાટકોપર)

### કાયમી સવારનો ચા-નાસ્તો, બપોરનું મિષ્ટાન ભોજન, બપોરની ચા, સાંજનું ભોજન - ૧૯૫૦૦/-

- પુજય દાદાજી ગોવીંદજી કેશવજી શાહ ના જન્મ દિવસ નિમિતે હ. ચિ. વત્સલ સુનીલ શાહ (નાગડા) નલીયા (અમદાવાદ)

### કાયમી મિષ્ટાન ભોજન - ૧૦,૦૦૧/-

- શ્રીમતી જવેરીબેન કિશોર લોડાયા (નલીયા) દાવનગીરી કિશોરભાઈના જન્મ દિવસ નિમિત્તે હ. શ્રીમતી ભાવના સીરીષ, સૌ. હિરલ હર્ષદ લોડાયા
- માતુશ્રી લક્ષ્મીબાઈ ઉમરશી નાગડા, મોટીખાવડી(ડોંબીવલી) હ. શરદભાઈ
- શ્રીમતી કલાબેન વિક્રમ જૈન, (હુબલી) હ. અંકેશ જૈન
- ચિ. કૈવન મેહુલ ગુલાબચંદ મોતા, કુઆપધ્ધર (હૈદરાબાદ)
- સ્વ. વિરેન્દ્ર રાઘવજી લોડાયા, હ. વિજયાબેન વિરેન્દ્ર, બાંઢીયા (અમદાવાદ)

### કાયમી સવારનું સાદું ભોજન - ૭૫૦૧/-

- માતુશ્રી પુરબાઈ શામજી ધરમશી ની સમૃતિમાં, હ. શ્રી ઈન્દ્રકુમાર શામજી ધરમશી, સુથરી (મુલુન્ડ)

### કાયમી સાંજનું સાદું ભોજન - ૫૦૦૧/-

- માતુશ્રી વીજ્યાબેન દેવજી વીરજી નાગડા, (પુના) રંગપુર
- શેઠશ્રી નરશી જેઠાભાઈ દંડ, વરાડીયા (મલકાપુર)
- શ્રીમતી દમયંતીબેન નારાણજી મોતા, લાલા (બેંગલોર)
- શ્રી હીરાચંદ ચાંપશી મોમાયા, વરાડીયા (મુંબઈ)
- એક સાધર્મિક બહેન - હ. સવિતાબેન (ગદગ)

### કાયમી સવારનો ચા-નાસ્તો - ૩૦૦૧/-

- શ્રી કે.ડી.ઓ. મહિલા મંડળ, નાગપુર
- શ્રી લધુભાઈ લાલજી જેઠાભાઈ, લધુભાઈની પુણ્ય સમૃતિમાં, નલીયા
- માતુશ્રી નેણબાઈ ધારશી નાગડાની સ્મૃતિમાં, (લાલા) હ પ્રવીણભાઈ
- શ્રી પરેશપતિ ગોવીંદજી લોડાયા નલીયા (ઘાટકોપર)

### કાયમી બપોરની ચાય - ૧૫૦૧/-

- માતુશ્રી કાશ્મીરાબેન નવિનચંદ નાગડા, નલીયા (ખંડવા)
- શ્રીમતી બાંયાબાઈ ધનજી નાગડા, (માણાવાલા) નલીયા (હુબલી)
- સ્વ. શ્રીમતી ચંપાબાઈ ધનજી ધરમશી, સાંધાણ (મુંબઈ) હ. પર્ણિમાબેન
- માતુશ્રી પુરબાઈ શામજી ધરમશી, હ. શ્રી ઈન્દ્રકુમાર સુથરી (મુલુન્ડ)
- શ્રી પ્રદીપ પદમશી દેવજી લાપશીયા, કોઠારા (મુલુન્ડ)

### એક ટંક મિષ્ટાન્ન ભોજન આશ્રમવાસીઓ સાથે-૧૫૦૧/-

- શ્રી પ્રેમજી નરપાર લોડાયા, નાની સીંધોડી, (મુંબઈ) હ, ધનબાઈ
- માતુશ્રી કમલબાઈ કલ્યાણજી ધરમશી, નલીયા (મુંબઈ) હ. સુરેશ
- શ્રીમતી ખમા દિનેશ નાગડા, તેરા(ડોંબીવલી) જન્મ દિવસ નિમીત્તે
- માતુશ્રી સોનબાઈ માણેકજી માડણ મોતા, નલીયા (મુલુંડ)
- શ્રીમતી મધુબેન કે. નાગડા, કુલીનભાઈની સ્મૃતિમાં, તેરા (નાંદેડ)
- શ્રીમતી વીણાબેન ગોપાલભાઈ શાહ,ગદગ-શ્રી બાબુભાઈની સમૃતિમાં
- શ્રીમતી સરોજ રાયચંદ લોડાયા,સાંધાણ(કલવા) લગ્નની વષગાંઠ નિમીત્તે
- શ્રી કેશવજી ભીંયશી ધરમશી પરિવાર, સુથરી (લોકાપુર)
- શ્રીમતી મધુરીબેન નવીનચંદ સોનાવાલા નાગડા, નલીયા (બેંગલોર)
- શ્રી મણીકાંત રતનશી ધરમશી કોઠારા (રાયચુર) ચિ મિખીલના સગપણ
- શ્રી પૃથ્વી નરેન્દ્ર શાહ, સાંધાણ (અમદાવાદ-ગાંધીનગર)
- માતુશ્રી નવલબેન કેશવજી ભીંયશી, સુથરી (લોકાપુર) હ.દેવેન
- ડૉ. પ્રતિક પ્રદીપ ખોના, જન્મ દિવસ પ્રસંગે, બારોઈ (ગદગ)
- માતુશ્રી કસ્તુરબાઈ ડુંગરશી ખોના, નલીયા (સેંધવા) હ. નીતાબેન
- શ્રીમતી નિર્મલા દેવશી દંડ, વરાડીયા, મલકાપુર

**આ ટ્રસ્ટને અપાતું દાન I.T. ACT 1961/U/S 80 G હેઠળ કરમુકિતને પાત્ર છે**

શ્રીમતી મણીબાઈ કાંતિલાલ શાહ (મૈશેરી) ચેરીટેબલ ટ્રસ્ટ-ગદગ
HDFC બેંક - SB A/c No. 17621450000018, RTGS/NEFT/IFSC Code HDFC 0001762
CANARA - SB A/c No. 0511101019459, Bank IFSC Code CNRB0000511

મુંબઈ સંપર્ક : શ્રી કુલીનકાંત ચાંપશી લુઢીયા - 098200 39469, શ્રી રાયચંદ હંશરાજ ધરમશી - 098200 84867

|| વર્ષીતપના પ્રણેતાશ્રી આદિનાથાય નમઃ ||

|| નમો નમઃ શ્રી ગુરૂ ગુણસાગરસૂરયે ||

|| અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી દેવ્યૈ નમઃ ||

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ - મુંબઇ

**૧૧૦-બી, ન્યુ હનુમાન બીલ્ડીંગ, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.**
**ફોન : ૨૩૭૨૯૩૦૪**

**દિવ્યકૃપા :**
શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ
પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી
**ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.

**શુભ આર્શીવાદ :**
તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ
પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી
**ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

## સમૂહ વર્ષીતપ રજત પારણા મહોત્સવ



વૈશાખ સુદ ૩, મંગળવાર, તા. ૨૧.૦૪.૨૦૧૫

**પાવન નિશ્રા :**
સાહિત્ય દિવાકર
પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી
**કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા.
તથા
૧૩ મા વર્ષીતપના આરાધક
પ.પૂ. ગણિવર્ય શ્રી
**કવિન્દ્રસાગરજી** મ.સા.
આદિ પૂ. સાધુ સાધ્વીજી ભગવંતો

**લઈએ તપસ્વીના ઓવારણા... આપીએ પ્રેમે પધારવાના વધામણા... તપના થાય છે ઉજમણા...**

**તપસ્વીઓનો જય જયકાર**    **તપધર્મનો જય જયકાર**

પૂજ્યોની પાવનકારી પ્રેરણાથી ૨૫-૨૫ વર્ષથી શ્રી સંઘ તરફથી સમૂહ વર્ષીતપ પારણાનું આયોજન મુંબઈમાં વિવિધ સ્થળો પર કરાવવામાં આવેલ છે,

**શ્રી સંઘના સદ્‌ભાગ્યે રજત પારણા વર્ષ તરીકે ઉજવતા આનંદિત થઈએ છીએ.**

વર્ષીતપની આરાધના કરતા સહુ તપસ્વીઓ સુખશાતામાં હશો, આ વર્ષે વર્ષીતપ પારણાનું લાભ આપી શ્રી સંઘને અનુમોદનાનો અવસર આપવા વિનંતી.

**પારણાના ફોર્મ પ્રાપ્ત તથા પરત કરવાના સ્થળો :**

૧) શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ - **ચીંચબંદર** (૧૨.૩૦ થી ૫.૩૦)
૨) કેડી'કોસ્ટા ટ્રેડર્સ - સેંટ પૉલ સ્ટ્રીટ, **હિંદમાતા** (સોમવાર બંધ) ફોન : ૩૨૯૩૧૬૯૮/૨૪૧૨૯૭૪૯
૩) શ્રી માટુંગા ક. મૂ.જૈન શ્વે. સંઘ - નારાણજી શામજી મહાજનવાડી, **માટુંગા (ઈ)**, ફોન : ૨૪૦૧૩૬૩૧
૪) શ્રી ઘાટકોપર ક.મુ.શ્વે.જૈન સંઘ - જીરાવાલા દેરાસર, દેરાસર લેન, **ઘાટકોપર (ઈ)**, ફોન : ૨૫૦૧૧૫૮૯
૫) શ્રી અચલગચ્છ જૈન સમાજ - વાસુપુજ્ય સ્વામી દેરાસર, ઝવેર રોડ, **મુલુંડ (વે)**, ફોન : ૨૫૬૮૧૧૭૦
૬) શ્રી અચલગચ્છ જૈન સંઘ - સુવિધિનાથ જિનાલય, **ડોંબીવલી (ઈ)**, ફોન : ૨૪૪૯૬૦૫
૭) શ્રી ક.વિ.ઓ જૈન સંઘ - જુના ભેંડીપાડા, **અંબરનાથ (વે)** ફોન : (૦૨૫૧) ૨૬૮૮૦૯૦
૮) શ્રી અચલગચ્છ જૈન સંઘ - તિલક રોડ, **સાંતાક્રુઝ (વે)**, ફોન : ૨૬૬૦૫૪૩૭/૨૬૪૯૨૫૫૮
૯) શ્રી અચલગચ્છ જૈન સંઘ - ગુફા રોડ, **જોગેશ્વરી (ઈ)**, ફોન : ૨૮૨૪૦૩૦૦
૧૦) વેરાયટી સ્ટોર્સ - સ્ટેશન રોડ, **બોરીવલી (વે)**, શ્રી વસંતભાઈ : ૯૮૨૦૩૪૧૮૬૬
૧૧) શ્રી અચલગચ્છ જૈન સંઘ - તુર્લીજ રોડ, **નાલાસોપારા (ઈ)**, ફોન : (૦૨૫૦) ૨૪૩૨૪૪૫

**પારણાના ફોર્મ સ્વીકારવાનો અંતિમ દિવસ :**
**શનિવાર, તા. ૨૮/૦૨/૨૦૧૫**

**શ્રી સંઘ તરફથી આયોજીત સમૂહ વર્ષીતપ પારણાના આયોજનમાં જોડાયલ તપસ્વીઓના અત્તર પારણા સોમવાર, તા. ૦૬/૦૪/૨૦૧૫ ના બપોરે ૨.૦૦ વાગે શ્રી માંટુગા ક.મુ.શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી મધ્યે આયોજિત કરવામાં આવેલ છે.**

**પારણા સ્થળ :**
**સોમૈયા ગ્રાઉન્ડ નં. ૪/૫ ,**
એમ.જી.રોડ, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૭૭.

**સમૂહ વર્ષીતપ ઈક્ષુરસ પારણા સમિતિ : શ્રી કલ્પેશ માણેકજી મોતા (કન્વીનર) - રાપર ગઢવારી - ૯૮૨૧૨૩૦૮૦૨**

| | | |
|---|---|---|
| ચંપકલાલ વલ્લભજી છેડા | ના.આસંબિયા | ૯૯૨૦૯૪૪૧૮૩ |
| કિર્તી કેશવજી સાવલા | બાડા | ૯૮૨૧૧૨૩૦૬૦ |
| મહેન્દ્ર પોપટલાલ વીરા | મેરાઉ | ૯૮૨૧૦૪૨૬૨૦ |
| જીતેન્દ્ર જયંતિલાલ છેડા | મો. આસંબિયા | ૯૮૨૦૦૫૧૬૧૪ |
| જતીન મોરારજી છેડા | ના. ભાડીયા | ૯૮૨૧૦૬૪૨૧૬ |
| પ્રદિપ કલ્યાણજી નંદુ | ના.આસંબિયા | ૯૩૨૨૨૩૧૧૧૧ |
| ભાઈલાલ હીરજી વોરા | દેવપુર | ૯૮૨૧૧૧૦૩૫૫ |
| હેમચંદ રતનશી છેડા | નાગ્રેચા | ૯૩૨૨૨૮૯૫૫૦ |
| વિનોદ ધનજી હરીયા | શેરડી | ૯૮૨૦૦૫૨૯૩૬ |
| રવિલાલ શામજી સૈયા | પુનડી | ૯૩૨૦૦૭૩૫૯૯ |
| ચંદ્રકાંત લક્ષ્મીચંદ ગંગર | નાંગલપુર | ૯૮૭૦૦૬૭૬૦૯ |
| લહેરચંદ હંસરાજ મસાલાવાલા | ભોજાય | ૯૮૯૨૦૬૬૬૬૨ |
| પ્રિતેશ ઠાકરશી દેઢિયા | તલવાણા | ૯૮૨૦૪૩૧૦૯૫ |
| હંસકુમાર દામજી મૈશેરી | લાલા | ૯૮૨૦૧૬૭૭૯૯ |
| હીરાલાલ હંસરાજ ડાઘા | વરાડિયા | ૯૮૨૧૦૬૯૨૯૯ |
| બંશીલાલ માણેકમલજી જૈન | બાડમેર | ૯૮૬૯૫૪૯૧૪૦ |
| પારસ પદમશી મૈશેરી | રાપર ગઢવારી | ૯૮૨૧૦૫૦૩૬૨ |
| નલીન કેશવજી શાહ | નાની તુંબડી | ૯૮૧૯૮૨૨૦૬૫ |
| રતીલાલ હીરજી ગાલા | મેરાઉ | ૯૮૨૦૫૯૬૯૯૯ |
| સુનીલ ભીમશી ગાલા | છસરા | ૯૮૩૩૬૬૦૮૭૫ |
| દિલીપકુમાર જાંવતરાજજી બોહરા | સાંચોર | ૯૮૨૦૧૦૮૫૫૫ |
| જીતેન્દ્ર ગાંગજી વોરા | નારાણપુર | ૯૮૬૯૯૯૯૩૪૬ |
| કિર્તી ભવાનજી હરિયા | શેરડી | ૯૮૬૭૩૭૬૩૯૯ |
| કાશ્મિરાબેન શિરીષ લાલન | કોડાય | ૯૨૨૪૭૩૪૨૭૯ |
| જ્યોતિબેન વિપુલ લાલન | કોડાય | ૯૮૨૨૩૫૭૭૫૫ |

**લિ. શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ**
**શ્રી કલ્પેશ માણેકજી મોતા (કન્વીનર)**

BINITA SATISH MARU : 98690 34162

## આપણે પણ અંગદાન કરીને દધીચીઋષીની જેમ સમાજનું ઋણ ચૂકવી શકીએ છીએ

આપણે જ્યારે મૃત્યુ પામીએ ત્યારે આપણને રોજિંદી જીવનચર્યામાં મદદરૂપ થનારા માનવ શરીરના બધા મુખ્ય અંગો સાવ જ નકામા થઈ જાય છે.

આપણે સૌ જાણીએ છીએ કે હોસ્પિટલના આઈ.સી.યુ.માં આપણા શરીરને વેન્ટીલેટર સાથે જોડીને કટોકટીની સ્થિતિમાં આપણા બધા અંગોને હવે કૃત્રિમ રીતે કામ કરતા રાખી શકાય છે. વેન્ટીલેટરની મદદથી લાંબા સમય સુધી હૃદયને ધબકતું રખાય છે, ફેફસાને શ્વાસ લેતા રખાય છે, લોહીને શરીરમાં ફરતું રખાય છે, લીવર / કીડનીને તેમના કામ કરરતા રખાય છે. જો આપણામાં પ્રાણનો સંચાર થાય તો આપણી જીવાદોરી લંબાઈ જાય છે. પણ જો આપણું મગજ જ છેવટે કામ કરતું અટકી જાય તો, આપણો અંત આવી જાય છે.

આવે વખતે વેન્ટીલેટર બંદ કરવાને બદલે ડોક્ટરો આપણા અંગોને ઉપયોગી થવા માટે લઈ શકે છે અને બીજાઓના જીવન ખુશાલ બનાવવા તેમના શરીરમાં રોપી શકે છે.

અંગદાનનો આ ખ્યાલ આયુર્વેદિક શસ્ત્રક્રિયાના જનક મનાતા સુશ્રુતે તબીબી વિજ્ઞાનને આપેલો અને તેમણે દેવોને વજ્ર, જેવું શક્તિશાળી શસ્ત્ર બનાવવા પોતાના હાડકાઓનું દાન આપનારા દધીચી મુનિ પાસેથી અંગદાન કરાવી આ વિચારને અમલમાં પણ મુક્યો હતો.

અંગ અને વિવિધ તંતુઓ (ટીસ્યુ)રૂપે વ્યક્તિ નીચે જણાવેલા અનેક પ્રકારના દાન આપી શકે. ૨ કીડની, ૧ હૃદય, ૧ લીવર, ૧ પેન્ક્રીયાસ, ૨ આંખ, ૧ નાનું આંતરડું, ૧ સ્વરપેટી, ૨ હાથ, ૧ પુરુષાંગ, ૨ કાનની બુટનો ભાગ, ૨૦ હાથ - પગના આંગળા મળી વ્યક્તિ ૧૧ અંગમાંથી ૩૪ વસ્તુઓનું દાન કરી શકે.

ઉપરાંત અન્ય ૭ અંગ - ઉપાંગ લોહી, ચામડી - હાડકાં - ઢાંકણી સ્નાયુના મજ્જા તંતુઓ, નસ, ધમની અને જ્ઞાનતતુંનું પણ દાન કરી શકે છે.

આમ એક જ વ્યક્તિ કેટલી બધી વસ્તુઓનું અંગ

## શ્રી ખોના કુળગોત્રનાં
## શ્રી સચ્ચાઈમાંનું સ્થાનક ખોના ફલિયા, નલિયા

**શ્રી સચ્ચાઈમાંના ભુવાજીની ગંધી ચૈત્રસુદ બીજ ને તા. ૨૨.૦૩.૨૦૧૫ રવિવારના બદલાશે.**

**તો સ્થાનકે નમતા સૌ ભાવિકોને તેમજ ''શ્રીજીપીર'' સ્થાનક, ખોના ફલિયા, નલિયા મધે નમતા સૌ ભાવિકો તેમજ નીયાણીઓને પણ પધારવા વિનંતી.**

**આવનાર ભાવિકો તેમજ નીયાણીઓને ફેબ્રુઆરી આખર સુધીમાં પોતાના નામો લખાવવા વિનંતી છે. જેથી ઉતારાની વ્યવસ્થા માટે સુગમતા રહે.**

**ચેતન માણેકચંદ્ર ખોના (ગોરેગાવ) 09324461894**

**ચીમનલાલ હીરજી ખોના (માટુંગા) 09821069255**

**લીતેશ હીરાચંદ ખોના (ડોંબિવલી) 09619493472**

**ફાલ્ગુન લખમશી ખોના (ભાંડુપ) 09820620499**

**અમીત જેઠાલાલ ખોના (ડોંબિવલી) 09321705511**

**લલીત કુંવરજી ખોના (ડોંબિવલી) 09920403950**

દાન કરીને કેટલા બધા લોકોને ઉપયોગી થઈ શકે છે.

આ માટે સૌ. પ્રથમ પોતાના સંગાઓ સાથે વાત કરી સહમિત લઈ લેવી અને તે પછી આવું કામ કરનારી સંસ્થા કે મોટી હોસ્પીટલમાં જ્યાં અંગદાનના ફોર્મ મળતા હોય અને નોંધ થતી હોય ત્યાં ફોર્મ ભરી નોંધ કરવાની એમણે આપેલ કાર્ડ સાથે રાખવાનું હોય છે.

વ્યક્તિ તેના બધા અંગે કે તેણે આપવા ધારેલું અંગ દાનમાં આપી શકે છે.

અંગોને સ્વર્ગમાં તો લઈ જવાતા નથી તો પછી અહીં જ એનો સદુપયોગ કેમ ન થવા દેવો.

અંગ દાનની પ્રવૃતિનું સંકલન કરવા માટે ભારતના દરેક ક્ષેત્રમાં Zonal Trarsplant Co - ordinstion Centre (ZTCC) ક્ષેત્રીય (અંગ) પ્રત્યારોપણ સંકલન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે.

આ માટેની વધુ જાણકારી આપનારી ઘણી વેબસાઈટ હવે ઉપલબ્ધ છે ગુગલમાં organ donation સર્ચ કરવાથી તેની લીંક મળી શકશે. www.trasplantindia પર પણ ઘણી જાણકારી મળે છે.

જ્ઞાતિજનો આ સંબંધે માહિતી મેળવવા મારો પણ સંપર્ક કરી શકે છે.

**અલ્પા ગૌતમ ધરમશી,** પહેચાન કાઉન્સેલીંગ, તમે તમારી જાતને ઓળખતા થાવ તે સંબંધે ઝુંબેશ, બેંગલુરુ મો.ન. 09591279036.

### અંગદાન સંબંધી ખોટા ખ્યાલો

૧. **હું વૃધ્ધ કે માંદો છું એટલે અંગદાન ન કરી શકું** વૃધ્ધ કે માંદા લોકો પણ અંગદાન કરી શકે જો કે તેઓ ક્યા અંગ દાન કરી શકે કે ન કરી શકે તેનો આધાર મૃત્યુ વખતેની તેમની સ્થિતિ પર છે ૨. **અંગદાનથી શરીર વિકૃત બની જાય છેઃ** આ એક અર્થમાં ઓપરેશન જેવી જ પ્રક્રિયા છે એટલે શરીર બંડોળ કે વિકૃત થઈ જવાનો સવાલ નથી.

**- સંકલન : www.giftalife.org**

### Organ Donation

All the vital organs of a human body, that help us to function on a day- to -day basis, become totally redundant when we pass away. All our organs can be kept artificially functional even when in a critical situation by connecting our body to a "ventilator" in the ICU of a hospital. The heart can be kept beating, Lungs inhaling,blood circulating and Liver/Kidneys doing their work, for a long period of time. If we recover, we get a new lease of life. But if our Brain finally gives way, we are no more. Then , instead of shutting off the ventilator, doctors can "HARVEST" our organs and transplant them to give new life to others.

This idea of ORGAN DONATION was gifted by Shusruta to medicine and was implemented by Dhadhichi.

Organs and Tissues that can be donated

1. Kidney - (2), 2. Heart - (1), 3. Liver - (1), 4. Pancreas - (1), 5, Eyes - (2), 6. Small intestine - (1), 7. Voice Box - (1), 8. Hand - (2), 9. Penis - (1), 10.Middle ear lobe - (2), 11.Finger/Toes - (20), **Total :** 34

12, Blood, 13. Skin Numerous, 14 Bone Numerous, 15 Cartilage Numerous, 16. Tendons Numerous, 17. Veins, 18. Arteries, 19 Nerves

Just one person can donate so many things and save many lives.

All you need to do is to sign the requisite form and inform your near and dear ones about your plan and carry your card with you always. You can select and donate whichever organ you want to donate or select all. But Don't take your Organs to heaven.....Heaven knows we need them here.




અ. સૌ. અલ્પાબેન ગૌતમ ધરમશી, બેંગલોર જેવા શહેર મા માનવતા નું એક પ્રશંસનીય કાર્ય કરી રહ્યા છે. મને સમય નથી, હું બહુ બીઝી છું, પરિવાર માટે પણ મને સમય નથી એવા વાક્યો આપણા કાન ઉપર જ્યારે આજના જમાનામાં સંભળાતા હોય ત્યારે અલ્પા બેન સમયનું પ્લાનીંગ કરી પરિવાર ને પુરતો સમય આપ્યા બાદ બેંગલોર શહેર માં આવેલી કેન્સર હોસ્પીટલમાં મોતની સામે લડતા દર્દીઓ પાસે જઈ, તેમના દુખ - દર્દ ઓછા કરવાની વાતો સાથે, કેન્સર ની સામે કેમ લડવું એવી પ્રેમાળ લાગણી વ્યક્ત કરે છે આ શબ્દો, દર્દની સામે દવાનું કામ કરે છે જેથી દર્દી કમસેકમ થોડા સમય માટે પોતાની પીડા ભુલી જાય છે. આવા માનવતા ના કાર્ય માટે અલ્પાબેન ને સો સો સલામ... આવા જ કાર્યો કરતા રહે અને કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ અને જૈન સમાજનું નામ ઉજજવળ કરતા રહે એવી શાસન દેવ ને પ્રાર્થના

***- અ.સૌ. રશ્મીબેન બુધ્ધીધન મોમાયા, તીરપુર - વરાડીયા***

One can register their organ donation consent with Zonal Coordination Committee of Karnataka. PH, 98450 06768 or 08026995716. Zcck conducts awareness program all over karnataka. For others you can check these links.

1.www.ztccmumbai.org, 2.www.mohanfoundation.org, 3.www.aiims.edu/aiims/orbo, 4.www.transplantindia.com 5.www.mother.org.in, 6.www.narmadakidney.org, 7.www.nnos.org 8.www.sortcochin.org

Organ donation can be easily done by jains because they regularly do Eye donation or Body Donation..

Discard your body for useful purpose and move on freely to Heaven ! HAPPY JOURNEY! Let your successors continue with their journey of life with your sweet memories. LIVE WELL .......LEAVE WELL.

NOTE: Any Gynati brother or sister needs any guidance on organ donation can feel free to contact me.

Thanks and Regards : Alpa Gautam Dharamshi, Pehechaan Counselling

A Mission to help identify yourself. Bengaluru. Phone 9591279036.

## મુંબઈ મહાજનશ્રીની આગામી વ્યવસ્થાપક સમિતિના કો ઓપ્ટ સભ્યો

મુંબાઈ મહાજનાશ્રીની આગામી વ્યવસ્થાપક સમિતિમાં ચૂંટાયેલા ૪૪ સભ્યોએ તા.૨૧.૦૧.૧૫ની સભામાં જે ૭ સભ્યો કો-ઓપ્ટ કર્યા છે. તેમના નામો નીચે પ્રમાણે છે.

૧. પૌલોમી યોગેશ ધરમશી લાલા - (મુલુંડ)

૨. વીણા વિજય નાગડા પરજાઉ - (મસ્જિદ)

૩. કલ્પના દિપક ધરમશી કોઠારા - (વાશી)

૪. રતિલાલ વાલજી ખોના નલિયા - (માટુંગા)

૫. નરેશ શામજી ખોના સુથરી - (મસ્જિદ)

૬. જગદીશ હીરજી નાગડા નલિયા - (વાશી)

૭. અમિત શાંતિલાલ મોમાયા વરાડીયા -(ભાંડુપ)

શ્રી શાંતિનાથાય નમો નમ શ્રી સચ્ચાઈ માતાજી નમો નમ

## શ્રી ક.દ.ઓ. સમસ્ત લોડાયા પરિવારનાં કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની દ્વિતીય પહેડી

શ્રી ક.દ.ઓ. સમસ્ત લોડાયા પરિવારનાં કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની દ્વિતીય પહેડી શનિવાર તા. ૧૧.૪.૨૦૧૫ સાંજના ૪ કલાકે મુલુન્ડ (વેસ્ટ)માં રાખવામાં આવેલ છે. તો સર્વે લોડાયા પરિવારો સમુહ પહેડીમાં સહ કુટુંબ પધારશોજી શ્રી સચ્ચાઈ માતાજીની પહેડીમાં સહયોગી દાતા બનવાનો લહાવો લેવા ઈચ્છનાર ભાગ્યશાળીઓએ નીચેના આગેવાનોના સંપર્ક કરવા વિનંતી. સહયોગી દાતા થવાનો નકરો રૂા. ૧૧૦૦૦/- છે

સંપર્ક : વિરચંદ લોડાયા (મુલુંડ) 9594600900
રમેશભાઈ લોડાયા (મુલુંડ) 9820336767
સંદિપ લોડાયા (મુલુંડ) 9867167387
વિરેન્દ્ર લોડાયા (મુલુંડ) 9821073830

**લી. સમસ્ત લોડાયા પરિવાર સમિતિ**
**પ્રવિણ લોડાયા (આરીખાણા - મુલુંડ)**
**ગોવિંદજી પટેલ (મુલુંડ)**


Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જૂના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.


**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

## મહાજન ભાગ - ૨: વ્યક્તિ, જ્ઞાતિ અને સંસ્થા

પ્રવિણચંદ્ર શામજી ધરમશી (કોઠારા - સુરત) મો. 09978903247

મહાજન પ્રથા કે સંસ્થા જૈનોમાં ખુબ જ પ્રચલિત છે. આપણા કચ્છી જૈનોમાં આ મહાજન પ્રથા વ્યાપક પ્રમાણમાં છે. અને મોટા ભાગના જૈનો મહાજનને એક સર્વોચ્ચ સામાજીક સંસ્થા તરીકે માને છે. કચ્છી જૈનો સમસ્ત ભારત અને વિશ્વના અન્ય દેશોમાં ફેલાયેલા છે. જ્યાં પણ થોડા પરિવારો છે ત્યાં મહાજનની સ્થાપના કરે છે. વર્ષમાં ૨૦૦૨માં પ્રકાશિત ક.દ.ઓ.જ્ઞાતિના વસતી પત્રકની સાથે જ્ઞાતિના પરિવારો અને જ્ઞાતિની સંસ્થાઓની સરનામા સાથેની વિગત પણ આપેલ છે. પ્રકાશ સમીક્ષાના ૨૯ માર્ચ-૪ એપ્રિલ ૨૦૧૪ના અંકમાં ભાઈશ્રી તિલકચંદ લોડાયાના લેખમાં જ્ઞાતિના દરેક રાજ્યમાં વસતા જ્ઞાતિજનોની વિગત છે. આ બન્ને માહિતીઓને સંલગ્ન કરતાં એકમ, મહાજન તથા વસતીને નીચે પ્રમાણે રજૂ કરી શકાય.




| EKAM | MAHAJANS |
|---|---|
| PASCHIM | 16 |
| KUTCHH | 36 |
| MADHYA | 12 |
| MUMBAI | 1 |
| DAKSHIN | 20 |
| MAHARASHTRA | 30 |
| TOTAL NUMBERS | 115 |

આ આંકડાકીય ચિત્રનું રસપ્રદ તારણ એ છે કે કચ્છમાં જ્ઞાતિ મહાજનની સંખ્યા સૌથી વધારે એટલે કે ૩૬ છે, જેમાંથી ૩૫ મહાજનોની મુખ્ય સંખ્યા ઓફિસ કે વહીવટી કેન્દ્ર મુંબઈમાં છે! આ મહાજનોની પ્રવૃત્તિઓ ક્યારેક મુંબઈમાં તો ક્યારેક કચ્છમાં હોય છે. આમ જોતાં સમગ્ર જ્ઞાતિ પર મુંબઈ જ્ઞાતિ વાસીઓનો સારા પ્રભાવ કહી શકાય. જ્ઞાતિના સાતમા વસતી પત્રકમાં મહાજન અને એકમના નામ, સરનામા વગેરેની વિગતો આપેલ છે પણ ત્યારે સમસ્ત મહાજન એક સક્રિય સંસ્થા તરીકે ઉજાગર નહીં હોય તેથી તેનો કોઈ ઉલ્લેખ નથી. સમય અને સંજોગો પ્રમાણે જેમ જ્ઞાતિના રીતરિવાજોમાં ફેરફાર થાય છે તેમ જ્ઞાતિના સુદીર્ઘ સંચાલન માટે જ્ઞાતિના સંચાલન માળખામાં પણ ફેરફાર કરવાની જરૂરત લાગતાં સમસ્ત મહાજન જેવી સંસ્થાની કાર્યરત કરવામાં આવી.

દરેક મહાજનનું પોતાની સભ્ય સંખ્યા, આર્થિક સબળતા તથા સ્થાનિક જરૂરિયાતો પ્રમાણે અલગઅલગ પ્રકારના સામાજીક અને ધાર્મિક કાર્યો કરે છે. કચ્છમાં સ્થિત મહાજનો જ્ઞાતિના દેરાસરો, ઉપાશ્રયો, પાઠશાળાઓ, મહાજનવાડી, ભોજનાલયો, ધર્મશાળાઓ,

**મંજલ રેલડિયા**

શ્રી આદેશ્વરદાદા જિનાલયની ૧૩૩મી વર્ષગાંઠ અને ધ્વજારોહણ નિમિત્તે સ્થાનિકે બે દિવસનો મહોત્સવ

શ્રી મંજલ રેલડિયા જૈન સંઘનાં નેજા હેઠળ શ્રી કદઓ અને શ્રી કવીઓ જૈન સમુદાયની સંયુક્ત સભાનું ઉપરોક્ત બાબત ચર્ચાવિચારણા કરવા આયોજન કરેલ છે.

**તા.૦૧ ફેબ્રુઆરી ૨૦૧૫**
**બપોરે ૨ થી ૪ કલાકે**
**સ્થળ : શ્રી કવીઓ અચલગચ્છ જૈન ઉપાશ્રય, શક્તિ બિલ્ડીંગ, (અનંતસિધ્ધીની બાજુમાં) ભાંડુપ (પ) મુંબઈ - ૪૦૦ ૦૭૮**
**શ્રી મંજલ રેલડિયા ક.દ.ઓ જૈન મહાજન - મુંબઈ**

**ઘર ભાડે આપવું છે**

**કાંજુરમાર્ગ, કોમ્પલેક્ષમાં, ૧ R.K ફૂલી ફર્નીસ્ડ, ગેસ પાઈપ લાઈન, ઘર વખરી સાથે, (ફ્રિજ/ટી.વી./કબાટ).**
**સંપર્કઃ સુરેશ ધરમશી મો. 09324501333**

અતિથિગૃહો અને પાંજરાપોળની દેખરેખ રાખવાના મુખ્ય કાર્યો કરે છે.

સૌથી મોટું મુંબઈ મહાજન મોટાભાગની ઉપરની પ્રવૃત્તિ ઉપરાંત જ્ઞાતિજનો માટેની સામાજીક પ્રવૃત્તિઓ જેમ કે રહેઠાણ, શિક્ષણ, આરોગ્ય, યુવક યુવતી પરિચય મેળા, સાંસ્કૃતિક કાર્યક્રમો, સામુહિક વિમા જેવી પ્રવૃત્તિઓ કરે છે.

આપણી લગભગ ત્રીસ હજાર જ્ઞાતિજનોની જ્ઞાતિ ભાવાત્મક રૂપે જોડવામાં જ્ઞાતિના આર્થિક અને સામાજીક વિકાસમાં જ્ઞાતિ મહાજનોનો સિંહ ફાળો છે. ખાસ કરીને જ્યારે આપણા જ્ઞાતિજનો ઉત્કર્ષ અને એકતા માટે અમૂલ્ય યોગદાન આપી રહ્યા છે. જેવી રીતે સમાજનું લઘુત્તમ એકમ કુટુંબ છે તેવી એક સંસ્થા તરીકે કોઈ પણ સ્થાનિક મહાજન કે સમસ્ત મહાજન જેવી બૃહદ સંસ્થાનો વિકાસ, સંવર્ધન અને જાળવણી જરૂરી છે.


**શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢ રત્નાશ્રમ પ્રવેશ જાહેરાત**

જુન ૨૦૧૫ નવા સત્રથી ધોરણ ૬ થી ૭ (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ)માં પ્રવેશ મેળવવા ઈચ્છતા કોઈપણ જૈન બાળકોને જગ્યાના પ્રમાણમાં નિયમ મુજબ પ્રવેશ આપવામાં આવે છે. તો પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓને નીચેના સ્થળેથી ફોર્મ મેળવી લેવા.

ફોર્મ મેળવવાની અને પરત આપવાની તારીખ :- ૧૫.૦૧.૨૦૧૫થી ૧૫.૦૨.૨૦૧૫ સુધી ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી.

**મેનેજરશ્રી /સંચાલકશ્રી**

**શ્રી મહાવીર જૈન ચારિત્ર કલયાણ રત્નશ્રમ**

સ્થાનિક ઓફીસઃ- સોનગઢ (સૌરાષ્ટ્ર), તા. સિલ્લેર જિ.ભાવનગર ફોન નં. 02846-244324

મુંબઈ ઓફીસઃ- ૨/૩૪, મિનરવા બિલ્ડીંગ, ૯, માધવદાસ પાસ્તા રોડ, દાદર (વેસ્ટ) ફોન નં. 022 24165639



શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709


## શ્રી ક.દ.ઓ.વિદ્યાર્થીસંઘ મુંબઈનો સાંસ્કૃતિક કાર્યક્રમ

હજારો જ્ઞાતિજનોને જલસા કરાવનારો રહ્યો શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઈનો સાંસ્કૃતિક કાર્યક્રમ જલસો રવિવાર તા.૧૮.૦૧.૧૫ના જલસો કાંજરમાર્ગના અનંતનાથજી કોમ્લેક્સના વિશાળ મેદાનમાં યોજાયો હતો. આ પ્રકારના વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજનનું આ બીજું વર્ષ છે. ૩ થી ૩૨ વર્ષના જ્ઞાતિ કલાકારો દ્વારા થયેલી મનોરંજક રજૂઆતોને વધાવવા માટે જ્ઞાતિજનો ઉપસ્થિત હતા.

એક એકલ તથા એક યુગલ ડાંસ ઉપરાંત ગ્રુપડાંસની સ્પર્ધામાં મસ્જિદ, ભાંડુપ, મુલુંડ, ડોંબિવલી, કાંજુર અને સર્વ સમ્મલિન મળી છ જૂથોએ રજૂઆત કરી. ૨ અર્થપૂર્ણ નાટિકાઓ રજૂ થઈ. બાળકોની ફેન્સી ડ્રેસ હરિફાઈમાં ૫૫ બાળકો સહભાગી થયા અને તે વિશેષ આકર્ષણ બની ગયું. મોટેરાઓના ફેશન શોએ કેડીઓ પરંપરા અને આધુનિકતામાં મેળ બેસાડી જાણે છે તેની પ્રતીતિ કરાવી. નારંગી સાડી સ્પર્ધામાં અનેક મહિલા જૂથોએ પોતાની વિશેષતા દર્શાવી. વાદ્યમાં ગીટાર અને તબલા તેમજ ગાવામાં અંગ્રેજી - હિંદી - ગુજરાતી ગીતો રજૂ થયા. કચ્છના ફૂદડી ફેમ રસિક મહારાજે સૌને રમૂજ કરાવી.


**એમ્બ્રો : સાડીઓનું નવું કલેક્શન મહાવીરમાં**

- રિસેપ્શન માટે ભારે ડીઝાઈનર સાડીઓ
- ઘરચોળા બાંધણી માટે નવી ફેન્સી બોર્ડરો
- ઓર્ડરથી બનાવવા બટકસબ અને પીટાવર્કના નવા સેમ્પલો
- સાચી ઝરીની જુની સાડીઓ - ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું.
- જરી રેશમ સેમ્પલની સાડી અને તેમજ પાનેતરમાં ૫૦ ટકા થી ૬૦ ટકા ડિસ્કાઉન્ટ
- પારસી ગારામાં નવી ડિઝાઈનો

શ્રી મહાવીર'સ એમ્બ્રાઈડરી, મહાવીર કમ્પાઉન્ડ માટુંગા ટે. 24025070 / 8652239537

**રવિવારના બંધ**




## લાલા તીર્થનું ટ્રસ્ટબોર્ડ પારદર્શકતા અપનાવે

લાલા તીર્થના ચંદ્રપ્રભુ જિનાલયના ટ્રસ્ટ બોર્ડે લાંબા સમયથી કોઈ બેઠક બોલાવી નથી કે વ્યક્તિગત રીતે પૂછપરછ કરનારા ગામવાસીઓ - ગામ આગેવાનોના પ્રશ્નોના જવાબ પણ આપતા નથી.

॥ શ્રી શક્ટ માતાય નમઃ॥ ॥શ્રી સુરાપુરા દાદાય નમઃ॥

**રંગપુર સ્થાને શ્રી શકટ માતાને નમતાં ધરમશી નુખના પરિવારોની પહેડી**

સહર્ષ જણાવવાનું કે ધરમશી નુખના રંગપુર, સેવક ભરૂડીયા અને મોટી ખાવડી ગામના પરિવારજનો તેમજ નિયાણી બહેનોના પરિવારજનોને પરમ આરાધ્ય કુળદેવી શ્રી શક્ટ માતા તથા કુળદેવતા પરમ પૂજ્ય શ્રી સૂરાપૂરા દાદની સમુહ પહેડીનું આયોજન કરવામાં આવ્યું છે. આપ સર્વેને તેમાં પધારવા ભાવભર્યુ નિમંત્રણ છે.

**શુભ ઘડીઃ રવિવાર તા.૮મી ફેબ્રુઆરી ૨૦૧૫**

**સમય : સવારના ૯.૩૦ થી ૨.૩૦ બપોરના**

**શુભ સ્થળઃ શ્રી રોટરી કલબ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, શ્રી સુવિધિનાથ દેરાસરની બાજુમાં , માનપાડા રોડ, ડોંબિવલી (પૂર્વ)**

**કાર્યક્રમ : સવારે ૯.૩૦ કલાકે શ્રી સુવિધિનાથ દેરાસરથી પૂજ્ય માતાજીનું અને સૂરાપૂરા દાદાનું વાજતે ગાજતે સામૈયું**

**સવારે ૧૦.૦૦ કલાકે, સ્થાપના : પૂજા, અર્ચના ભક્તિગીતો,**

**સવારે ૧૧.૦૦ કલાકે નિવેદ, થાળ, આરતી**

**સવારે ૧૧.૩૦ થી ૨.૩૦ રાસ ગરબાની રમઝટ અને વિચાર વિમર્શ-જમણ**

**પહેડીના લાભાર્થીઃ માતુશ્રી દેવાંબેન ગાંગજી ડાયાભાઈ ધરમશી પરિવાર હસ્તે અ. સૌ. કુસુમબેન ઝવેરચંદ ગાંગજી ધરમશી પરિવાર-ડોંબિવલી ચિ. સુનીલ ઝવેરચંદની સગાઈની ખુશાલી નિમિત્તે**

**લિ. ધરમશી પરિવારના જય માતાજી સૌને પધારવા ભાવભર્યું નિમંત્રણ.**

શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે સારા પૈસા ભેગા થયા - વપરાયા પણ હિસાબ હજુ આપાયો નથી. સામાન્ય હિસાબની તો વાત જ ક્યાં કરવી?

આ વર્ષે પર્યુષણ પર્વની આરાધના દરમ્યાન આંગળીના વેઢે ગણાય તેટલાજ ગામવાસીની અને એક નિયાણીની હાજરી હતી. પર્વ આરાધના માટે મહાજનશ્રીએ સાથ માંગતા સંપુર્ણ અસહકાર આપ્યો.

જે મહાજનશ્રીએ એમને ચુંટયા તે ૧૬૦ સભ્યોની સહીવાળો પત્ર રૂબરૂ કે કુરીયર મારફત સ્વીકાર્યો નહીં.

જિનાલયની ધ્વજાએ પણ ગામવાસીઓનો સંપર્ક નહીં. ટ્રસ્ટના ખર્ચે પ્રકાશ સમીક્ષામાં જાહેર ખબર આપી ફરજ પૂરી થયેલી ગણી.

તાજેતરમાં છ'રી પાલક સંઘની પૂ. આ. ભ. કલાપ્રભસાગરજી સૂરિ મ.સા. આદિ ઠાણા અને સાધ્વીજી ભગવંતો સાથે વિવિધ ગામોની મુલાકાત લીધી ત્યારે ત્યાંના સંઘ - ટ્રસ્ટોએ પોતાના ગામમાં હાજરી સારી લાગે તે માટે આગેવાનો ત્યાં ગયા અને તેમણે જ્ઞાતિજનોને પણ પ્રસંગે ત્યાં જવા પ્રેર્યા. ગામના જ્ઞાતિજનોને આમંત્ર્યા. પણ લાલાના ટ્રસ્ટબોર્ડે આવું કાંઈ ન કર્યુ આ પ્રસંગે લાલામાં કચ્છમાં રહેતા બે જણ અને સ્થાનિક ચાર જણ જ હજાર રહ્યા છતાં ઘણા લોકો આવ્યા હોય તેવા સમાચાર મોકલ્યા.

ટ્રસ્ટીઓની આવી કાર્ય પધ્ધતિને લીધે લાલા ગામના સાધન સંપન્ન અને પ્રતિભાવંતોને અકારણ નીચા જોણું થાય છે.

લાલા એક વખત નાની પંચતીર્થીનું નંબર વન ગામ હતું પણ ટ્રસ્ટબોર્ડની બેદરકારીને કારણે સંગઠન તૂટતા દયનીય હાલત લાલા ગામવાસીઓ વતી એક જાગૃત જ્ઞાતિજન તા.૧૭.૧૧.૧૪ થઈ છે.

**(તંત્રી નોંધ) :૧. ઉક્ત પત્ર અંગેનો પ્રતિભાવ આપવા ટ્રસ્ટબોર્ડે વિનંતિ કરાયેલ જેથી બંને પક્ષો રજુઆત એક સાથે પ્રાગટ કરી શકાય. પરંતુ તેમની ત્રણેક વખત વિનંતી મુજબ પત્ર આપવા થઈ, ટ્રસ્ટબોર્ડ તરફથી કોઈ પત્ર કે પ્રતિભાવ મળ્યા નથી.**

**૨. મુળ પત્રમાંની ભાષા શૈલીમાં ઘણી જગ્યાએ સુરૂચિભંગ થતો હોતાં અને કેટલાક વિધાનો વ્યક્તિગત આક્ષેપરૂપ હોતાં પત્ર ટુંકાવીને પ્રગટ કરેલ છે.**

## મમ્મીનાં લગ્ન

વનિતા



વિશ્વ

સ્મૃતિ અને શરદના લગ્ન થયાં. દોઢ વર્ષ પછી શરદ એક અકસ્માતમાં મૃત્યુ પામ્યો. આ સમયે તેમની પુત્રી કિરણ એક મહિનાની હતી. થોડા સમય પછી માત્ર સ્મૃતિના જ નહીં, શરદનાં માતા-પિતાએ પણ તેને ફરી લગ્ન કરવા સમજાવી. કિરણના ઉછેરની જવાબદારી તેમના પર છોડી દેવાનું સૂચન પણ કર્યું, પરંતુ સ્મૃતિનું મન ન માન્યું, તેણે એક બેન્કમાં નોકરી લીધી. થોડા જ સમયમાં બેન્ક તરફથી તેને એક નાનકડો ફ્લેટ ફાળવવામાં આવ્યો. કિરણને લઈને એ ત્યાં રહેવા ગઈ.

સમય જતાં કિરણનું શિક્ષણ પૂરું થયું. એમએ પાસ કર્યા પછી તેને એક કોલેજમાં લેકચરરની નોકરી મળી ગઈ. સ્મૃતિએ કિરણ માટે યોગ્ય મૂરતિયાની શોધ કરી લીધી હતી. થોડા સમય પછી સારા કુટુંબના ઍન્જિનિયર છોકરા-કિશોર સાથે તેની સગાઈ કરી.

સગાઈમાં કુટુંબીઓ અને નજીકના સંબંધીઓને આમંત્રણ આપ્યું હતું. બે-ત્રણ દિવસ પછી કિરણે સ્મૃતિને પૂછયું 'મમ્મી, સુરેશએ અંકલને સગાઈમાં કેમ ઈન્વાઈટ નહોતા કર્યા?' જરાક ક્ષોભ સાથે નજર મેળવ્યા વગર સ્મૃતિએ કહ્યું 'બસ, એમ જ.'

જે બૅન્કમાં સ્મૃતિ નોકરી કરતી હતી તે જ બૅન્કમાં નોકરી કરતા સુરેશ સાથે તેમની ઓળખાણ થઈ હતી અને તે મૈત્રીમાં પરિણામી હતી. જોકે, ત્યાર બાદ આ નોકરી છોડી સુરેશ એક ખાનગી કંપનીમાં નોકરી લીધી હતી. સ્મૃતિ અને સુરેશ નિયમિત મળતાં. કોઈ વાર સુરેશ ઘેર આવે ત્યારે કિરણ સાથે પણ વાતચીત કરતો.

અપરણીત સુરેશે સ્મૃતિ પાસે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. 'સુરેશ, યુ આર નાઈસ પર્સન. આજથી એકવીસ વર્ષ પહેલાં મારાં માતા-પિતા અને સાસુ-સસરા મને ફરી લગ્ન કરવા સમજાવતાં હતાં, પણ હું કબૂલ નહોતી થઈ. હવે પીસ્તાળીસ વર્ષની વયે હું લગ્ન કરી મારી પરણવાલાયક પુત્રીનું ભવિષ્ય બગાડવા નથી ઈચ્છતી' સ્મૃતિનો જવાબ હતો. કિરણ માટે છોકરાની શોધ શરૂ કરતાં પહેલાં જ સ્મૃતિએ સુરેશને મળવાનું બંધ કરી દીધું હતું. સુરેશના ફોન આવતા ખરા.

કિરણે આ બાબતની નોંધ લીધી હતી, પણ તે કંઈ બોલી નહોતી. પોતે લગ્ન કરીને પતિ સાથે અમેરિકા જશે પછી મમ્મી સાવ એકલી પડી જશે તેવો વિચાર તેને કાયમ સતાવતો. કિરણ-કિશોરનાં લગ્ન આડે બે મહિના બાકી હતા. બધી તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી.

થોડા દિવસ પછી કિરણનાં સાસુ-સસરાએ સંદેશો મોકલ્યો કે તેઓ સ્મૃતિ સાથે એક મહત્ત્વની બાબત વિશે ચર્ચા કરવા ઈચ્છે છે. સ્મૃતિએ વિચાર્યુ, પત્યું. એ લોકોને કાને કોઈ અફવા પહોંચી લાગે છે. એ લોકો સગાઈ તોડવાનું કહેશે તો? હવે કિનારે આવીને તો વહાણ નહીં ડૂબે ને? ભગવાને મને બહુ ટૂંકું લગ્નજીવન આપ્યું, પણ મારી લાડકી દીકરીનું લગ્નજીવન શરૂ થતાં પહેલાં જ સમાપ્ત ન કરે તો સારું. મા-દીકરી બન્નેને ચિંતા થતી હતી, પણ તેઓ ચૂપ હતાં.

નક્કી કરેલા સમયે કિરણનાં સાસુ-સસરા પધાર્યા. પાંચેક મિનિટ વાત કર્યા પછી બન્નેએ કહ્યું 'અમારી એક શરત છે. તમારે અને સુરેશે તાબડતોબ લગ્ન કરી લેવાં અને બે મહિના પછી સજોડે કિરણનું કન્યાદાન કરવું. અમે સુરેશને સારી રીતે ઓળખીએ છીએ અને એને આ શરત કબૂલ છે. શુભસ્ય શીઘ્રમ્.'

***ડૉ. પ્રજ્ઞા પૈ. જે મળી હળવી પળો***
***જન્મભૂમિમાંથી સાભાર***


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


**ઈ.સ. ૨૦૧૪ અને ઈ.સ. ૨૦૧૫ ના પ્રજાસપ્તાક દિન વચ્ચેની સૌથી નોંધ પાત્ર ઘટના એ છે કે આપણે હવે ખરા અર્થમાં પ્રજાસત્તાક થયા છીએ, આ જાગૃતિનું સંવર્ધન કરીએ.**

*તન - મન પરિવાર*


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

# ભોજન વિશે વધુ માહિતી

ડૉ. વીરચંદ લખમશી નાગડા MBBS. - Bom મો. 09757303562

આપણે મહેનત કરી બે ટંકનું ભોજન કમાઈએ, ખાઈએ પણ એ ભોજનનું પાચન જ ન થાય તો આપણને શક્તિ - સ્ફુર્તિ ક્યાંથી મળે? ભોજન કેટલું ખાઈએ છીએ તેના કરતાં શું ખાઈએ છીએ; કેવી રીતે અને ક્યારે ખાઈએ છીએ એ મહત્વનું છે. અને એના પર જ શક્તિ, સ્ફુર્તિ અને શારીરિક બીમારીઓનો વધુ આધાર હોય છે.


માનવી જેટલો મહેનત કરી પૈસાદાર થતો જાય છે તેમ આરામદાયક ભૌતિક વસ્તુઓ વસાવતો જાય છે એટલો જ એ ઘણુંખરું બેઠાડુ થઈ જાય છે. તળેલું, મિઠાઈ વધારે ખવાય, ધંધા - કામકાજને લીધે જમવાના સમય પણ અનિયમિત થઈ જાય એટલે પાચન બગડે અને પછી આરોગ્ય બગડે. બધી સંપત્તિઓમાં સ્વાસ્થ્ય સંપત્તિ શ્રેષ્ઠ છે. ધનવાન બનવા માટે સ્વાસ્થ્યને જોખમમાં ન નાખીએ તે જરૂરી છે.

આહાર, ઉંઘ વ્યાયામ, હલનચલન અને માનસિક શાંતિ એ આરોગ્ય માટે ખુબ મહત્વના છે. આમાંથી એક પણ યોગ્ય ન હોય કે બરાબર ન થાય તો આરોગ્ય પર ખૂબ ઊંડી અસર થાય. આમાં પણ આહારને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. માટે જ એની વિગતવાર ચર્ચા - છણાવટ જરૂરી છે.


ભોજન કરવાથી જ આયુ, તેજ, ઉત્સાહ, સ્મૃતિ, ઓજસ વગેરે આપણને પ્રાપ્ત થાય છે. ભોજન લઈએ એનું બરાબર પાચન થવું જરૂરી છે. લગ્ન પ્રસંગે, મહેમાનગતિ, પાર્ટી કે ઘરમાં ભાવતી વાનગી બની હોય તો સામાન્ય લિમિટથી સહેજ વધુ ખાઈ જવાય છે અને પછી અપચો થઈ જાય છે તેથી જીભને સંતોષ મળે પણ શરીરને કાંઈ ફાયદો થાય નહિં. ઉલ્ટું અપચનથી શરીરમાં રહેલી શક્તિ વપરાઈ જાય છે. તેથી જ ભોજનનું પાચન થયા પછીજ બીજી વખતનું જમવું. સવારના ભોજન કર્યા બાદ અપચનની તકલીફ જણાય તોસાંજે નરમ કે હળવું ભોજન કરવું અથવા પેટને સંપુર્ણ આરામ આપવો જોઈએ.

ફળો ખાલી પેટે ખાતાં વધુ ફાયદો કરે છે. ફળોનો પચવાનો સમય ઓછો છે એટલે કે જલ્દી પચી જાય છે. અને આપણે ભોજન સાથે કે પછી ફળ ખાઈએ તો બંનેના પચવાના સમયમાં ફરક હોવાથી ઓછો ફાયદો થાય છે. માટે જ ફળો ખાલી પેટે લેવા. ફળો બને ત્યાં સુધી આખા જ લેવા જોઈએ. કાપીએ કે રસ કાઢીએ તો એ પ્રક્રિયા દરમ્યાન એમાં ગેસ ભળે છે. આ ગેસથી, તકલીફથી બચવા તેમાં આદુ કે ફુદીનો નાખી ખાવું. જે ફળ આખા ખાઈ શકાય તે આખા જ ખાવા. ઓકસ્ફર્ડ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો એ શોધ્યું છે કે જમ્યા પહેલાં ખાલી પેટે રોજ ૧ સફરજન ખાઈએ તો કોલેસ્ટ્રોલ ઘટાડવાની સ્ટેટીન નામની ગોલી જેવી અસર થાય, અને ગોળીની સાઈડ ઈફેક્ટ થી પણ બચી જવાય બીજા વિટામીન, ફાયબર અને એન્ટી ઓક્સિડન્ટ પણ આપણને મળી રહે. માટે જ કહ્યું છે કે એન એપલ અ ડે કીપ્સ ડોક્ટર અવે

કેળા - આરોગ્ય માટે સારા છે પણ હવે કેમીકલ્સમાં ડૂબાડીને કેળાને પકવવામાં આવે છે તેથી ફાયદાને બદલે નુકશાનકારક બની શકે. જે વખારમાં કુદરતી રીતે પકવેલા કેળા મળતા હોય તો જ ખાવા હિતકારક છે. આવળા - વિટામીન 'સી' થી ભરપુર અને યૌવન ટકાવવા માટે ઉત્તમ ગણાય છે. રસ્તા પર વેચાતા કાપેલા ફળો આરોગ્ય માટે સારા નથી. દ્રાક્ષના રસનું નિયમિત સેવન ર્ક્યાથી તે અલગ અલગ જાતના કેન્સરની શક્યતાને ઘટાડે છે. અલગ અલગ ફળના અલગ અલગ ફાયદા થાય છે. જે સીઝનમાં જે ફળો

## ABDASA (KACHCHH) GAUSHALA TRUST



**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

ઉગતા હોય તે જ પ્રમાણે ફળો ખાવા સારા. સિજન વગર મળતા ફળો કુદરતી રીતે ઉગાડેલા - પકવેલા હોવાની શક્યતા નથી તે આરોગ્ય માટે નુકશાનકાર હોય છે. સફરજન, પેરુ, દ્રાક્ષ જેવા ફળો પાણીથી ધોઈ સ્વચ્છ કરી પછી જ ખાવા. ધુળ, કચરો, કેમીકલ્સ સાથે અમુક ફળો સુંદર ચમકદાર દેખાય માટે મીણ લગાડેલા પણ હોઈ શકે, જે બરાબર ન ધોવાથી પેટમાં જઈ આપણું આરોગ્ય બગાડી શકે. ઓર્ગેનિક ખાદ્યો થોડા વધુ જ મોંઘા હોય છે પણ કુદરતી ખાતરથી ઉગાડેલ અને કેમીકલ્સ છાંટ્યા વગરના કે હોરમોન્સના ઈજેક્શનનો ઉપયોગ કર્યા વગરના હોય છે, તેથી જ ઉત્તમ છે પણ આ સર્વે ૧૦૦ ટકા ઓર્ગેનીક હોય છે કે કેમ તે એક પ્રશ્ન છે. કેમીકલ ફ્રી ગોળ પણ થોડું મોંઘું છતાં કેમીકલ્સ ફ્રિ હોય તો વાપરવો ઉત્તમ.

સલાડ - રાયતા રોજ ભોજન સાથે લ્યો. ફાયબર વિટામીન્સ, ખનીજ અને એન્ટીઓકિસડન્ટ તેમાંથી મળી રહેશે જે દવા જેવું કામ કરશે. આરોગ્ય જળવાશે. બાજરીમાં પુષ્કળ ફાયબર હોવાથી ડાયાબીટીઝના દરદીઓને ફાયદો થાય છે. તેમાંથી ધીરે ધીરે સાકર શરીરને મળે છે તેથી લોહીમાં સાકરની માત્રા જળવાય છે. ઘંઉમાં પ્રોટીન ખૂબ હોય છે જે શરીરના બાંધા માટે ઉપયોગી છે. ચોખા - ભાત યોગ્ય માત્રામાં લેવા, વધુ પ્રમાણમાં આરોગ્ય માટે સારા નહિં. (ડાયાબીટીઝના દરદીએ ડોક્ટરની સલાહ પ્રમાણે લેવું) કઠોળમાં પ્રોટીન, વિટામીન, રેષા (ફાયબર) અને ખનીજ હોય છે જે સ્નાયુ માટે અને આરોગ્ય માટે સારા. આપણા વડીલો કહેતાં - "મગ ચલાવે પગ" ચણામાં ખુબ તાકાત હોય છે. શાકાહારી ખોરાક લેનાર માટે તુવેરદાળનો રોજ ખોરાક લેવું ઉત્તમ પ્રોટીન મળે.

ફણગાવેલા કઠોળ પચવામાં હલકા, રાંધવાની જરૂર નહિં અને એમાં બી કોમ્પ્લેક્સ, વિટામીન પુષ્કળ પ્રમાણમાં ઉત્પન્ન તાય છે. અનાજ અને કઠોળમાં ફણગા ફૂટ્યા પછી તે ગેસ કે એસીડીટી નથી કરતાં ફણગો જેટલો મોટો થાય તેમ તેમાં બી કોમ્પ્લેક્સ અને વિટામીનની માત્રા વધુ થાય છે. તેનું નિયમિત સેવન કરવાથી હૃદયની અનેક તકલીફોમાં રાહત મલે છે. હૃદયની સંકુચન - પ્રસારણ (પમ્પીંગ) ક્ષમતા વધે છે. તેમજ ફેટી લીવર માટે ખુબ ઉપયોગી છે. ફણગાવેલા અનાજ - કઠોળના ઉપયોગ થી પાચન ક્રિયા સારી રહે છે. તેમજ શરીર ફીટ રહે છે. શીંગદાણામાં ટ્રીપ્ટોફેન નામના જરૂરી એમિનોએસિડ હોય છે જે સેરોટીન નામનું રસાયણ ઉત્પન્ન કરે છે જે મનને પ્રફુલ્લિત રાખે છે. હાઈ બી.પી. હૃદયરોગ, જાડાપણું હોય તેમને શીંગદાણા ન લેવા.

**સમસ્ત મહાજન - કેલેન્ડર ૨૦૧૫**

ભારતભરના તમામ જ્ઞાતિ પરિવારો ને કેલેન્ડર પંહોચતા કરવામાં આવ્યા છે. મુંબઈ ક્ષેત્રના કેલેન્ડરો વસતિપત્રકના આધારે વિચારે કુરીયર દ્વારા મોકલાવાયેલ જેમાંથી ૧૦૦ થી વધૂ કેલેન્ડરો સરનામા ફરફાર કે અન્ય કારણોસર પરત આવ્યા છે. અતઃ હજુ સુધી જો આપને કેલેન્ડર પ્રાપ્ત ન થયું હોય તો, સ્થાનિક મહાજન અથવા સમસ્ત મહાજન ના કાર્યાલયે સંપર્ક સાધવા, મેળવી લેવા વિનંતી છે.


**શુભેચ્છાઓ સહ...**

**સાંધવ રત્ન**

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**



**ઝવેરી બજારની**

**જ્યોતિ**

**હવે માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) માં પણ...**

**ફેશનપ્રિય સન્નારીઓ**
**લગ્નસરાની સાડીઓમાં વર્ષોથી પ્રખ્યાત**
**જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ**
**માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) ની**
**મુલાકાત જરૂર લો.**

• ઘરચોળા • પાનેતર બોર્ડરો
અને ડિઝાઈનર સાડીઓની લેટેસ્ટ
વેરાયટીઝ માટે પધારશો

૨૮, ગની મેન્સન, દુકાન નં-૧, અરોરા સિનેમાની પાછળ, માટુંગા (સે.રે), કિંગ સર્કલ, મુંબઈ - ૧૯

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરી બજાર, ખારાકુવા સામે, મુંબઈ - ૦૨ ટેલી : 224413995/22402786

• માટુંગા 24043995 • ઝવેરી બજાર 22413995
કિશોર પોલડીયા 9322258574

સમાચાર સંકલન — સંસ્થા સમાચાર / જ્ઞાતિ સમાચાર / વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલીએ નવા વર્ષને નવલી રીતે વધાવ્યું

શ્રી સ્વસ્તિક ગ્રુપ - ડોંબિવલીના કાર્યકરોએ પ્રમુખ જયેશ લોડાયાની આગેવાનીમાં માનવતાની સાંસ્કૃતિક દર્શાવી નવા વર્ષની વિશેષ ઉજવણી કરવા. રક્તદાન શિબીર તેમજ ફ્રી નેત્ર ચિકિત્સા શેઠશ્રી કે.બી.વીરા સ્કુલ - ડોંબિવલીમાં ખાતે યોજી નવી ભાંત પાડી.

૭૬ બોટલ રક્ત પ્રાપ્ત થયેલ. ફ્રી નેત્ર ચિકિત્સા નિદાનનો ૧૫૦ જ્ઞાતિજનોએ લાભ લીધેલ. શ્રી સ્વસ્તિક ગ્રુપના આ આયોજનને સફળ બનાવવા માટે શ્રી સેવા બ્લડ બેંક-ડોંબિવલી, શ્રી આયુષ બ્લડ બેંક-પુના, વાસન આઈ કેર-ડોંબિવલી, શ્રી ગુજરાતી મિત્ર મંડળ-ડોંવિબલી એ વિશેષ સહયોગ આપ્યો હતો.

## અંકલેશ્વર ધ્વજારોહણ કાર્યક્રમ

અંકલેશ્વરમાં પોષ વદ બીજ મંગળવાર તા. ૬.૧.૧૫ ના ૨૮માં ધ્વજારોહણ નિમીત્તે શ્રી સત્તરભેદી પૂજા તથા શ્રી અઢાર અભિષેક પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

ધ્વજારોહણની ઉછામણીનો લાભ ૧૨૦૦૬ મણમાં લીલબાઈ માણેકજી દંડ પરિવારે લીધેલ. વિધી વિધાન તથા સંગીત માટે શ્રી કૌશીકભાઈ - નવસારીથી પધારેલ. શ્રી સંઘ તરફથી સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

## શ્રી અગાશી તીર્થે નવકાર જાપ

અગાશીમાંથી જયેશ ભુવનના આંગણે ૪૭ જંયતભાઈ રાહીના ધર્મપુત્ર વિધીકાર શ્રી હર્ષભાઈ દેઢીયા (તલવાણા - ઘાટકોપર) ના સંગીતમય સથવારે શ્રી નવકાર મહામંત્ર જાપ અનુષ્ઠાનનો ૩૪ મો મણકો તા. ૦૭.૦૨.૧૫ શનીવાર ના સવારના ૮.૩૦ કલાકે યોજાયેલ છે.

## શાંતિજિન જાગૃતિ ગ્રુપ દ્વારા અનાજ વિતરણ (૨ જા કવરથી ચાલુ)

ગાંધીધામ રેલ્વે સ્ટેશનને ગ્રુપના કાર્યકરો માટે સંધ્યા ભોજન વ્યવસ્થા અરવિંદભાઈ લાલજી લોડાયા દ્વારા કરવામાં આવેલ. ગ્રુપના કાર્યકરોનું વારાપદ્ધર ગામે સાફા પહેરાવી સ્વાગત કરવામાં આવેલ.

માંડવી જૈન આશ્રમ મધ્યેના નિરાધાર અશ્રિતોને જરૂરી વસ્ત્રો પણ વિતરણ કરાયા હતા. આશ્રમનાં એક - એક અશ્રિતને રૂબરૂ મળી ખબર અંતર પુછવામાં આવેલ. તેઓને કપડા સાથે બિસ્કીટ, ચોકલેટ પણ આપવામાં આવેલ. માંડવી જૈન આશ્રમ સંસ્થા દ્વારા ગ્રુપ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવેલ.

કચ્છમાં યોજાયેલ સમુહલગ્નોત્સવ - ૨૦૧૪ સમયે જીવદયા માટે એકત્રિત થયેલ. રકમ અબડાસાની પાંજરાપોળને ૧૧ હજાર તથા બાકીની પાંજરાપોળોને રૂા. ૫ હજાર આપવામાં આવેલ. કચ્છના જિનાલયોમાં ઉપકરણની સામગ્રીની કિટ આપવામાં આવેલ. જિનાલયોનાં પુજારીશ્રીઓ તથા સ્ટાફને વસ્ત્રો અર્પણ કરવામાં આવેલ.

વિતરણ વ્યવસ્થા શ્રી ગોવિંદજી પટેલ, કિરણ દંડ, પ્રબોધ મુનવર, ભદ્રીક મૈશેરી, અરવિંદ લોડાયા, મહેશ નાગડા, વિપુલ પેટલ, હિતેશ પટેલ, હેમંત મોતા, લક્ષ્મીચંદ દંડ, સોમચંદ નાગડા, કુસુમકાન્ત લાલકા, જયેશ લાલકા, પ્રવિણ મોતા, વિરેન્દ્ર લોડાયા, ભુપેન્દ્ર ડાઘા, ભુપેન્દ્ર વિકમશી, રાજેશ દંડ, મુકેશ દંડ, વિનોદ લાલકા તથા સર્વે કાર્યકરોએ સંભાળી હતી.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૧૨.૧૪ | ડોંબિવલી | પહેલ-કેયા/તેજસ જ્ઞાનચંદ લોડાયા | તેરા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૦૧.૧૫ | સેંધવા | અંકુર દિપક આણંદજી લાલકા | વારાપધર | - |
| | ભોપાલ | ક્રિતીકા નવીન કુંવરજી લોડાયા | સાંયરા | - |

### સગપણ છુટુ થયું

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૧.૧૫ | ઘાટકોપર | ભાવેશ નવીન ધનજી દંડ | કોઠારા | ૩૩ |
| | મુલુંડ | જિજ્ઞા લલીતકુમાર લાપસિયા | રવા | ૨૯ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૧૧.૧૪ | મુલુંડ | પ્રશાંત અજીત માલશી લોડાયા | તેરા | ૨૭ |
| | વડોદરા | હીરલ શાંતિલાલ શામજી ગાલા | તેરા | ૨૫ |
| ૧૦.૦૧.૧૫ | બીજાપુર | નયન કેતક લક્ષ્મીચંદ ધરમશી | કોઠારા | ૨૭ |
| | કોચીન | કરીશ્મા મણીકાંત પદમશી મોતા | નલીયા | ૨૬ |

### આંતરજ્ઞાતીય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૧૨.૧૪ | આદિપુર | રાહુલ નવીનચંદ્ર ચાંપશી લોડાયા | સુથરી | ૨૯ |
| | અમદાવાદ | અશકા અતુલકુમાર નવીનકાંત દેસાઈ | અમદાવાદ | ૨૫ |
| ૧૫.૧૨.૧૪ | નાલાસોપારા | મનોજ કિશોર મોમાયા | - | ૨૬ |
| | ભાયંદર | નિકીતા સુરેશ પંચાલ | ડુમરા | - |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૧.૧૫ | વિઠ્ઠલવાડી | હીરાચંદ પ્રેમજી ટોકરશી મૈશેરી | જખૌ | ૬૨ |
| ૧૬.૦૧.૧૫ | ડોંબિવલી | શીવજી ટોકરશી કાનજી લોડાયા | વારાપધર | ૭૭ |
| ૧૮.૦૧.૧૫ | માટુંગા | પારૂલ દિપક સોમચંદ ખોના | વાંકુ | ૫૬ |
| ૧૮.૦૧.૧૫ | મુલુંડ | ટોકરશી ડુંગરશી નરપાર લોડાયા | કોઠારા | ૭૦ |
| ૨૦.૦૧.૧૫ | મુલુંડ | કીશોર વાલજી પુનશી દંડ | લાલા | ૫૭ |
| ૨૦.૦૧.૧૫ | વડાલા | હીરાચંદ કેશવજી ખીમજી ડાઘા | દલતુંગી | ૬૦ |
| ૨૧.૦૧.૧૫ | ભાંડુપ | મુલજી શામજી આશપર મૈશેરી | કોઠારા | ૭૪ |
| ૨૧.૦૧.૧૫ | મુલુંડ | હીમાબાઈ પુનશી મુલજી છેડા | સુથરી | ૮૫ |
| ૨૧.૦૧.૧૫ | સાયન | લક્ષ્મીબેન લહેરચંદ કાનજી લોડાયા | મંજલ | ૮૦ |


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

● સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
● રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

સંપર્કઃ દિનેશ દેઢિયા 92234 25676



શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## કે.ડી. ઓ ક્લાસિક દ્વારા નાસિક યાત્રા અને રોલીંગ મીલની મુલાકાત

કે.ડી.ઓ. ક્લાસીક દ્વારા શનિવાર તા. ૧૦.૧ તથા રવિવાર તા. ૧૧.૧.૧૫ ના નાસિક યાત્રા તથા જ્ઞાતિ શ્રેષ્ઠી ચાંપશી માણેકજી લોડાયા (શાહ) સાંઘવ - ઘાટકોપરની એમ. આઈ. ટી.સી. રોલીંગ મીલ્સ પ્રા. લી. ની. મુલાકાતનું આયોજન કર્યું હતું. તેમાં સભ્યો અને વિશેષ આમંત્રિતો સહિત ૧૦૦ જ્ઞાતિજનો જોડાયા હતા.

શનિવાર તા. ૧૦.૧ ના સભ્યાએ સેવા પુજા કરવા ધમચક્રતીર્થની મુલાકાત લીધી હતી. સભ્યોએ સુલા વાઈન ફેકટરીની મુલાકાત લઈને વાઈન બનાવવાની પ્રક્રિયા પ્રત્યક્ષ નીહાળી હતી.

પાછા ફરતા સભ્યોએ વણી જૈન દેરાસરનીં મુલાકાત લીધી હતી.

યજમાન દંપતી શ્રી ચાંપશી માણેકજી (લોડાયા) શાહ તથા શ્રીમતી દમંયતીબેનનું સન્માન કરવામાં આવ્યું (તસવીરો સામેના ૧૯માં પાને)

## તમે પણ કે.ડી.ઓ. ક્લાસિકની ભાભા અણુકેન્દ્રની (ટ્રોમ્બે-મુંબઈ) ની મુલાકાત લેનારી ટીમનો ભાગ બની શકો છો.

કે.ડી.ઓ. ક્લાસીકના સભ્યોએ થોડા સમય પહેલાં ભાભા અણુકેન્દ્રની મુલાકાત લીધી ત્યારે તેના આયોજકોને થયેલું કે અન્ય જ્ઞાતિજનો ખાસ કરીને યુવાનોને આ લાભ મળવો જોઈએ તેથી તેમણે વધુ લોકોને લઈ આવવાનું આમંત્રણ મેળવી લીધેલું.

આ આમંત્રણના અનુસંધાનમાં કે.ડી.ઓ. ક્લાસીક દ્વારા પ્રેરિત સભ્યો- જ્ઞાતિજનોનું ૫૦ જણનું જૂથ સોમવાર તા. ૦૯.૦૨.૨૦૧૫ના ભાભા અણુકેન્દ્રની મુલાકાત લેશે.

આ જૂથમાં જોડાવવા માટે સવારના ૧૧ થી બપોરના ૩ની વચ્ચે ફોન નં 022-66957138 પર જ્યોતીબેનનો સંપર્ક સાંધવો.

**નોંધ- સ્થળ સંકોચને કારણે આ અંકના કલર પાના નં ૧૯ પર છપાયેલા- ''આધ્યાત્મિક ચિંતનથી વૈભવ વૃધ્ધિ'' નો અહેવાલ આવતા અંકમાં પ્રગટ થશે.**

**નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જેઠાભાઈ કે મુનવર** | ફ્લેટ નં ૨૧, ૬ ઠ્ઠે માળે, દામોદર હાઈટ્સ, કમોદ નગર, હોટેલ ગ્રેટ પંજાબની પાછળ, નાસિક - ૪૨૨૦૦૯ |
| **રતિલાલ આર.લોડાયા** | C/o અજય એન્ડ ફાલ્ગુની લોડાયા, સી-૩૧૪, કોરલ ક્રેસ્ટ કો. ઓપ. હા. સો., નેરૂલ પોલીસ સ્ટેશનની આગળ, સેક્ટર-૨૩, નેરૂલ (પૂ) નવી મુંબઈ- ૪૦૦ ૭૦૬ |
| **ધિરેન નવીનચંદ્ર મૈશેરી** | ૨૩, ચાણકય પાર્ક સો., સબ-રજીસ્ટ્રરાર ઓફિસની પાછળ, અકોટા, વડોદરા - ૩૯૦૦૨૦ |
| **કિરીટ માલદે** | સી-૮૩, મુનસી એસ્ટેટ, ગોકુલ હોસ્પિટલની ઉપર, ૩ જે માળે, એમ.જી.રોડ, મુલુંડ (પ) મુંબઈ - ૪૦૦ ૦૮૦ |
| **જ્યોતિ નવીન લોડાયા** | ડી/૦૬, ઓમ તિરૂપતી દર્શન કો.ઓ.હા.સો., ટાકુરવાડી ક્રોસ લેન, દિનદયાલ રોડ, ડોંબિવલી (પ) - ૪૨૧૨૦૨ |
| **તેજસ પ્રવિણચંદ્ર લોડાયા** | 'ઈ' વિંગ-૪૦૪, ૪થે માળે, સ્તમેવ રિવેરા, ઈનફોસીટીની સામે, ગિફ્ટ સિટી રોડ, રાંધેસાન, ગાંધીધામ -૩૮૨૦૧૦ |

**નવા/બદલાયેલા ફોન નંબર**

| | | | |
|---|---|---|---|
| **રતિલાલ આર. લોડાયા** | **022-27706682** | **અજય આર. લોડાયા** | **09892696714** |
| **ફાલ્ગુની એ. લોડાયા** | **09833988188** | **કિરીટ માલદે** | **09323813446** |
| **જ્યોતિ નવીન લોડાયા** | **09867135101/ 09322338988** | **તેજશ પ્રવિણચંદ્ર લોડાયા** | **09909983557** |

## Congratulations



# Chi. Puneelkumar Atulbhai Dand

Bcom, CA, Disa

**Our son has Added Degree of ISA -Information System Audit (DISA) to his qualification Congratulations and best wishes for his bright future.**

From:-

Paternal: - " Anand Parivar"
GrandSon of Shri Shantilal Narshi Velji Dand
Tera-Gandhidham

Maternal:- "Kavi Tej"
Grandson of Shri Tejpal Dharshi Devraj Nagda
Naliya-Gandhidham

## વર્લ્ડ જૈન કોન્ફેડરેશન સ્કુલ ઓફ બિઝનેસ અને BSE IPF દ્વારા 'આધ્યાત્મિક ચિંતનથી વૈભવ વૃદ્ધિ' વિષય પર પરિષદનું આયોજન






અહેવાલ સામેના ૧૮માં પાને

## કે.ડી. ઓ ક્લાસિક દ્વારા નાસિક યાત્રા અને રોલીંગ મીલની મુલાકાત



યજમાન દંપતી શ્રી ચાંપશી માણેકજી લોડાયા (શાહ) તથા શ્રીમતી દમંયતીબેનનું સન્માન





વિશેષ આમંત્રિત શ્રી પદમશીભાઈ લાલકા અને શ્રી કમલેશ વિકમશી નું સન્માન

અહેવાલ સામેના ૧૮મા પાને







C.D.O.Prakash Samiksha R.N.I.No.MAHGUJ/1998/04640
Postal Regd. No. MCE/ 53/ 2015 - 2017 Day of publication every Monday
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# આત્મ સાક્ષાત્કારના કાવ્યો - તિલકચંદ લોડાયા, ચેન્નઈ

## સત્ય

હું... શું ?

## એકાંત

એકાંતમાં ડર લાગે છે,
કોઈને 'સ્વ' ના
સાક્ષાત્કાર નથી કરવાના
'પર' માં ઓત પ્રોત અને
'સ્વ' ને ભુલી જવાની...
આ એક મુર્છા છે
પોતાનાથી બચવાની
સર્વથી ભાગી શકીએ
પણ 'સ્વ'થી નહીં
જીવનભર ભાગશું પણ
પહોંચશુ ક્યાં ય નહીં...
અંદર ના અનંત શૂન્યને ભરવા
પ્રયત્નો ક્ર્યા,
પણ મૃત્યુએ એ
શૂન્યને પુનઃ જીવિત કર્યું
ધર્મ એ શૂન્યમાં પ્રવેશ છે,
નિતાંત એકાંતમાં 'સ્વ' સાથે
સંવાદ કરો છો એજ ધર્મ છે.

## સમાધિ

સમાધિ સત્યનું દ્વાર છે
ત્યાં એવું નથી કે
સર્વે પ્રશ્નોના ઉત્તર મળી જાય છે,
પણ ત્યાં સર્વે પ્રશ્નો ખરી પડે છે.
પ્રશ્નોનું ખરી પડવું એજ
અસલી ઉત્તર છે.
બસ કેવળ ચૈતન્ય... કેવળ જ્ઞાન !






## તરસ

તરસ તીવ્ર હતી પણ
નળમાંથી માટીવાળું આવ્યું પાણી
ડોલ ભરાઈ, પણ આવું પાણી
પીવાય કેમ ?
તરસ બુઝાવાય કેમ ?
કોઈએ કહ્યું કે કર થોડી સબુરી
ડર લાગ્યો કે
શું જીવન ધારા તુટશે અધુરી
એક એક ક્ષણ હતી યુગ જેવડી મોટી
શું વાટ જોવામાં મારી વાટ થશે ખોટી
થોડી વારમાં થયો ચમત્કાર
માટી બેસી ગઈ નીચે નિરાધાર
નિર્મળ નીર રહ્યું ઉપર
પ્યાસ બુઝાવી મેં તત્પર.
આ તરસ તો છીપાવી ત્યાં,
બીજી અનુબુજ તરસ જાગી....
મનુષ્ય મન છે સર્વેસર્વા
એના વિના વિલિન છે લીલા સઘળી
શું એ પણ જીવન તરંગોથી
ડહોળાતું નથી આમજ ?
શું એ વિક્ષુબ્ધ મનને પણ
શાંતિ અને ધીરજથી જોવાથી
નિર્મળતાનું આગમન થશે મરજીથી ?
કાંઈ ક્ર્યા વગર
કીચડ નીચે બેસી જશે સહજતાથી ?
સાક્ષીભાવ નિર્મળતા લાવશે,
કાંઈ કરવાથી કઠીનાઈ વધશે...
ફક્ત કિનારા પર બેસી જોયા કરો,
એ ધ્યાનથી જીવન નૈયા પાર કરો !

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,